SMT. G. R. DOSHI & SMT. K. M. MEHTA
INSTITUTE OF KIDNEY DISEASES & RESEARCH CENTRE (IKDRC)
&
DR. H. L. TRIVEDI INSTITUTE OF TRANSPLANTATION SCIENCES (ITS)

B.J. MEDICAL COLLEGE & CIVIL HOSPITAL CAMPUS, ASARWA, AHMEDABAD-380 016. GUJARAT STATE, INDIA
Phone : (O) 2268 5600 - 1 - 2 - 4 - 5 - 6 - 7 / 2268 55 99 (R) 2268 4545 Fax No. : (079) 2268 5454
E-mail Id : ikdrcad1@sancharnet.in • Website : www.ikdrc-its.org

**Dr. H. L. TRIVEDI, F.R.C.P. (C), D. Sc.**
**DIRECTOR**

# પ્રેસનોટ

## ‘કિડની બચાવો, જીવન બચાવો’

### ‘વિશ્વ કિડની દિવસ’ અંતગર્ત ગુજરાત રાજયના નાગરિકો માટે કિડની ઈન્સ્ટીટયુટે પ્રયોજેલ અભિયાન

**દર વર્ષે માર્ચ માસનો બીજો ગુરૂવાર ‘વિશ્વ કિડની દિવસ’** તરીકે સમગ્ર દુનિયામાં ઉજવાય છે. આ દિવસને યાદ કરવાનું ખાસ પ્રયોજન છે કે લોકોમાં કિડની રોગ વિષેની જાણકારી સુપરિચિત થાય તથા તેને રોકવાના પ્રયત્નો આદરાય.

ભારતમાં, અને ગુજરાતમાં કીડની રોગ દિવસે દિવસે વધતા જાય છે. કેન્સર અને હૃદય–રોગના હુમલા પછી કિડની રોગ એ આપણા લોકોનો ત્રીજો કાતિલ ગણી શકાય. ૧૦૦ એ એક વ્યકિત કીડનીના રોગથી અસરગ્રસ્ત હોવાની સંભાવના છે. કીડની ફેઈલ થવાના મુખ્ય કારણો મધુપ્રમેહ, લોહીનું દબાણ, પથરી,ટી.બી., મેદસ્વીપણુ અને ગર્ભાધાન સમયે બેદરકારી છે. આવા દર્દીઓ માટે ડાયાલીસીસ અને પ્રત્યારોપણ એક માત્ર ઉપચાર છે. સમસયર નિદાન અને હસ્તકક્ષેપથી કીડની નિષ્ફળ થતા બચાવી શકાય છે.પરંતુ મોટા પાયે લોકો તપાસ માટે વિશિષ્ટ કેન્દ્રમાં આવવા સમર્થ હોતા નથી.

તેથી આ વર્ષે **‘વિશ્વ કિડની દિવસ’** ઉજવવાનો એક અનેરો પ્રયાસ અમે કરી રહયા છીએ. રાજય સરકારના લગભગ ૧૩ કેન્દ્રોમાં કિડની ઈન્સ્ટીટયુટે ડાયાલીસીસની સુવિધા સ્થાપી અને વિકસાવી છે. આ કેન્દ્રોમાં અમારી તબીબી ટુકડી આમ જનતાને નિમંત્રીને તેમની કિડની લક્ષી તપાસ આદરશે. આ કાર્યક્રમમાં દરેક વ્યકિતના લોહીનું દબાણ, મધુપ્રમેહ અને કીડનીના કાર્યક્ષમતાનું મૂલ્યાંકન કરવામાં આવશે. જે વ્યકિતઓને કિડનીની બિમારીની શકયતા જણાશે તેમને વધુ તપાસ તથા સારવાર માટે અમદાવાદ ખાતે કિડની હોસ્પિટલમાં બોલાવવમાં આવશે.

**કાર્યક્રમની શરૂઆત શુક્રવાર તા. ૨૧ મી ફેબ્રુઆરી,૨૦૧૪ કડી મુકામથી શરૂ કરી મહેસાણા, સિધ્ધપુર, લીંબડી,હિંમતનગર, વલસાડ, નવસારી, વ્યારા, રાજકોટ, જામનગર, ભાવનગર અને તે પછી સુરત, વડોદરા અને અમદાવાદ વિસ્તારો સાથે, શનીવાર, ૮ મી માર્ચના રોજ છેલ્લુ કેન્દ્ર આવરી લેવાના પ્રયત્નો થશે.**

અંદાજીત ૫૦ હજાર થી વધુ નાગરિકો આ નિઃશૂલ્ક(મફત) સેવાનો લાભ લેશે એવી અપેક્ષા છે.

**ગુરૂવાર, ૧૩ મી માર્ચ,૧૪ ‘વિશ્વ કિડની દિવસે’ પ્રસ્તાવિક પ્રારંભિક એકત્રિત કરેલો ડેટા જાહેર જનતા સમક્ષ મુકવામાં આવશે.**

રાજય સરકારના સહયોગથી આ કાર્યક્રમ રાજયભરના સૌ કેન્દ્રોમાં આગળ ધપાવવાની ઇચ્છા રાખીએ છીએ.

આપનો સ્નેહાધિન

ડૉ. એચ. એલ. ત્રિવેદી